# 7 વનમાં ચાંદલિયો ઊગ્યો

**સંકલિત**

લોકગીતનો કોઈ રચયિતા નથી હોતો એમ કહેવા કરતાં એમ કહી શકાય કે, લોકસમૂહ લોકગીતોનો રચયિતા હોય છે. માત્ર એક વ્યક્તિથી નહીં પણ અનેકોની ઉત્સાહભરી સર્જકતાથી રચાયેલું લોકગીત, કોઈ એક પ્રસંગ કે ઘટના આધારિત આનંદ-ઉત્સાહ-ઉમંગ કે વેદના-વ્યથા-વિરહની સર્જનાત્મક અભિવ્યક્તિ છે.

આ લોકગીતને એક પ્રકારનું સંવાદગીત પણ કહી શકાય. પ્રિયતમના આગમનથી આનંદ અનુભવતી પ્રિયતમાના જીવનની વિરહરૂપી રાત્રી, મિલનરૂપી દિવસ બની જતી આલેખાઈ છે! ‘વન’ એકલતાનું અને ‘ચાંદલિયો’ પ્રિયતમના આગમનનું સૂચન બની રહે છે. ‘સૂરજ’ને, ઉદાસ સ્થિતિને ઉજાશમાં બદલી નાખતા પ્રતીકરૂપે જોઈ શકાય. આંગણે આવેલા પ્રિયતમને દાતણ-નાવણ-ભોજન-મુખવાસ-પોઢણ જેવી સામગ્રી દ્વારા સમર્પણનો ભાવ દર્શાવતી પ્રિયતમા પ્રિયતમને રોકાઈ જવા ખૂબ આગ્રહ કરે છે, પણ મિત્રો સાથે હોવાથી રોકાઈ ન શકતો પ્રિયતમ મિત્રોને છોડીને રોકાવાની મજબૂરી દર્શાવી મિત્રપ્રેમ પણ વ્યક્ત કરે છે. વિરહના ભાવોને ઉલ્લાસના સૂરોમાં રજૂ કરતું આ લોકગીત ગુજરાતી લોકજીભે રમતી લોકપ્રિય રચના છે.

---

વનમાં ચાંદલિયો ઊગ્યો રે
હો રાજ મને સૂરજ થૈ લાગ્યો રે....(૨)

આવ્યા છો ત્યારે ઉતારા કરતા જાવ,
ઉતારા કેમ કરીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે દાતણ કરતા જાવ,
દાતણિયા અમે કેમ કરીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે નાવણ કરતા જાવ,
નાવણિયા અમે કેમ કરીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે દૂધડાં પીતા જાવ,
દૂધડિયાં અમે કેમ કરી પીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે મુખવાસ લેતા જાવ,
મુખવાસ કેમ કરી લઈએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે પોઢણ કરતા જાવ,
પોઢણિયાં અમે કેમ કરી કરીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

**શબ્દાર્થ**

**ચાંદલિયો** ચાંદો **ઉતારો** ઊતરવાનો મુકામ **ગોરી** રૂપાળી સ્ત્રી (અહીં) પ્રિયતમા **નાવણ** સ્નાન **દૂધડાં** દૂધ **પોઢણ** શયન

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) નાયિકાને ચાંદલિયો કેવો લાગે છે?

(2) નાયક રોકાવાની શા માટે ના કહે છે?

(3) નાયક નાયિકાને નહિ રોકાવા માટે કયું કારણ આપે છે?

**2. નીચેના પ્રશ્નનો મુદ્દાસર ઉત્તર લખો :**

નાયકના આતિથ્ય માટે નાયિકા શી-શી વિનંતી કરે છે?

**3. મુદ્દાસર નોંધ લખો :**

નાયિકાએ નાયક પ્રત્યે દર્શાવેલા ભાવને તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- ટી.વી., રેડિયો પરના લોકસાંસ્કૃતિક કાર્યક્રમો માણો-સાંભળો.
- પ્રાર્થના સંમેલનમાં આ લોકગીત રજૂ કરો.
- તમારા વિસ્તારમાં ગવાતાં ત્રણ લોકગીતો તમારી નોટબુકમાં લખો.

## ભાષા-અભિવ્યક્તિ

અહીં દાતણ, નાવણ, દૂધ, પોઢણ ને 'ઇઆ' પ્રત્યય લાગ્યો છે તે જુઓ. સાથે સાથે એ પણ જુઓ કે શબ્દમાં એથી શો ફેરફાર થાય છે? અહીં આ પ્રત્યય બહુવચન માટે નથી પ્રયોજાયો તે પણ તમારા ધ્યાનમાં આવ્યું હશે તો બીજી અને છઠ્ઠી કડીમાં આવતા 'ઉતારા' અને 'મુખવાસ' શબ્દને કોઈ પ્રત્યય લાગ્યો નથી. શા માટે? વિચારો.

'હાં રે મારે ભાઈ-બંધની જોડી'

પંક્તિ દરેક અંતરે દોહરાવાઈ છે તેમાં 'સાથે' જેવા શિષ્ટ શબ્દને બદલે 'હાં રે ' શબ્દ વપરાયો છે તે જુઓ.

' હો રાજ મને સૂરજ થૈ લાગ્યો રે....'

પ્રિયપાત્રના આગમનને કારણે નાયિકાને ચંદ્ર, સૂરજ જેવો લાગે છે એવું કહેવા લોકગીતના અજ્ઞાત સર્જક 'થૈ લાગ્યો' શબ્દને પસંદ કરે છે, તે ધ્યાનપાત્ર છે. યજમાન-નાયિકા મહેમાન એવા નાયકની આગતા-સ્વાગતા કરવા જે સામગ્રીને એક-એક કડીમાં વણી લે છે તે માણવું ગમશે.

## શિક્ષક પ્રવૃત્તિ

- લોકસાહિત્યનો પરિચય કરાવો.
- અન્ય લોકગીતો મેળવો, ગાઓ અને સમૂહગાન કરાવો.
- ઝવેરચંદ મેઘાણીનાં લોકગીતોના સંપાદન 'રઢિયાળી રાત' અંગે નિર્દેશ કરો.
- લોકસાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પરિચય કરાવો.
- સ્નેહ અને આતિથ્યના મહત્ત્વ વિશે ચર્ચા કરો.

•